# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૧૪૦ તા. ૧૧-૦૨-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# હજી વોલેટાલિટી ચાલુ રહેશે

**સેન્સેક્સમાં જોવાયેલું કરેક્શન પણ મુખ્યત્વે ખૂબ જ વધી ગયા પછીના બજારનું નોર્મલ કરેક્શન છે.**

જોગાનુજોગ બજેટ પછી સેન્સેક્સ અને નિફ્ટીમાં તીવ્ર કડાકા જોવાયા અને પ્રથમ તબક્કે તો મોટા ભાગના ખેલાડીઓ અને એનાલિસ્ટોએ સેન્સેક્સ અને નિફ્ટીમાં જોવાયેલા ઘટાડાને બજેટની અણગમતી જોગવાઈઓનું કારણ આપી દીધું. નાણાંમંત્રી દ્વારા આ વખતના બજેટમાં લાંબાગાળાના કેપિટલ ગેઈન ઉપર કર લેવાની જોગવાઈ કરી છે અને તેવી જ રીતે મ્યુચ્યુઅલ ફંડો ઉપર પણ આવકવેરાની જોગવાઈ લાદી હોવાથી તેને કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં આ ઘટાડો જોવાયો તેમ પ્રથમ નજરે તો દલીલ થઈ અને મોટા ભાગના રોકાણકારોએ તે દલીલને સ્વીકારી લીધી. પરંતુ બીજા દિવસેથી અમેરિકાના ઈન્ડેક્સ ડાઉજોન્સ અને નાસ્ડેકમાં અને તરત જ સમગ્ર દક્ષિણ પૂર્વીય એશિયાઈ દેશોના ઈન્ડેક્સોમાં તીવ્ર ઘટાડો શરૂ થતાં તેને માટે તો અરૂણ જેટલીના બજેટનું કારણ શક્ય ન હતું અને તેથી મને-કમને સ્વીકારવું પડ્યું કે સેન્સેક્સમાં જોવાયેલું કરેક્શન પણ મુખ્યત્વે ખૂબ જ વધી ગયા પછીના બજારનું નોર્મલ કરેક્શન છે.

ચાણક્યના બજેટ અંકમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યું હતું કે આપણે સૌ છેલ્લાં થોડાં અઠવાડિયાથી મોટું કરેક્શન આવશે તેની રાહ જોતા હતા અને ચાણક્યમાં આઠમા પાનાં ઉપરના નિલેશ કોટકના એનાલિસિસમાં પણ તે અંગે સ્પષ્ટ રીતે સંકેત આપવામાં આવતો હતો કે બોન્ડ ઉપરના યિલ્ડ ખૂબ જ વધી ગયા છે અને વોલેટાલિટી ઈન્ડેક્સ પણ ધીરે ધીરે વધી રહ્યો હોવાથી બજારમાં ગમે ત્યારે કરેક્શન ડ્યુ હતું. અંક નં. ૪૫માં અપાયેલ નિફ્ટીના ચાર્ટમાં જોશો તો પણ આરએસઆઈ ૮૦ના લેવલની ઉપર ચાલી રહ્યો હતો અને સામાન્ય રીતે જ્યારે પણ કોઈ પણ ચાર્ટમાં આરએસઆઈ ૭૦ની ઉપર આવી જાય ત્યારે કરેક્શન ડ્યુ છે તે એક નોર્મલ તારણ કહી શકાય અને તે મુજબનું કરેક્શન અત્યારે ભારત સહિત વિશ્વના તમામ ટોચના બજારોમાં ચાલી રહ્યું છે.

પરંતુ સામે પક્ષે વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અમેરિકામાં અત્યારે પણ તમામ આર્થિક પરિમાણો મજબૂતીના સંકેત આપે છે. અમેરિકામાં ગયા અઠવાડિયે આવેલા ફેક્ટરી ઓર્ડરના આંકડા પણ ૧.૭ ટકા વૃદ્ધિ દર્શાવે છે. જ્યારે અર્થશાસ્ત્રીઓને ફેક્ટરી ઓર્ડરોમાં ૧.૫ ટકા વૃદ્ધિ જોવાશે તેવી અપેક્ષા હતી. અમેરિકન અર્થતંત્રમાં કન્ઝયુમર સેન્ટીમેન્ટ ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે અને તેમાં અગાઉ ૯૫નો ઈન્ડેક્સ જોવાશે તેવી સંભાવનાની સામે કન્ઝયુમર સેન્ટીમેન્ટનો ઈન્ડેક્સ જાન્યુઆરી મહિનામાં ૯૫.૭ના લેવલ ઉપર આવ્યો છે. તેવી જ રીતે રોજગારી ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે અને તેમાં પણ અર્થશાસ્ત્રીઓને ૧.૮૦ લાખ નવી રોજગારી ઊભી થશે તેવી અપેક્ષા હતી પરંતુ તેને બદલે જાન્યુઆરી મહિનામાં અમેરિકામાં ૨ લાખ નવી રોજગારીઓ ઊભી થઈ છે. પ્રાથમિક પ્રોડક્ટિવિટીના આંકડા ૧ ટકાની અપેક્ષાની સામે ૦.૧ ટકા આવ્યા છે અને તે થોડું નકારાત્મક ચિત્ર દર્શાવે છે. પરંતુ સામે પક્ષે પ્રાઈવેટ રોજગારીના આંકડા ૧.૮૫ લાખ નવી પ્રાઈવેટ જોબની અપેક્ષા સામે ૨.૩૪ લાખ ઉપર આવી છે અને સૌથી મહત્ત્વનું પરિબળ પર્સનલ આવકોમાં ૦.૩ ટકા વૃદ્ધિની અપેક્ષાની સામે ૦.૪ ટકા વૃદ્ધિ ડિસેમ્બર મહિનામાં જોવા મળી. આ ઉપરાંત ડ્યુરેબલ ગુડ્સનું પાસું પણ ખૂબ જ મહત્ત્વનું છે અને તેમાં પણ ડિસેમ્બર મહિના દરમિયાન ૦.૮ ટકા વૃદ્ધિ જોવાશે જેની અપેક્ષા હતી જેની સામે ડ્યુરેબલ ગુડ્સમાં ૨.૯ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આમ, અમેરિકન અર્થતંત્રના તમામ પાસાંઓ અત્યારે પણ સુંદર વૃદ્ધિ દર્શાવે છે. પરંતુ અમેરિકામાં પણ અત્યારે બોન્ડ ઉપરનું યિલ્ડ ૪ વર્ષના ટોપ ૨.૮૩ ટકાના લેવલ ઉપર આવી ગયું છે અને જ્યારે યિલ્ડ અમુક નિયત લેવલ કરતાં વધી જાય ત્યારે શેરબજારના રોકાણની સામે બોન્ડમાં રોકાણ કરવું આકર્ષક બની જાય અને તેવે તબક્કે મોટા પાયે શેરબજારમાં વેચવાલી આવે તેવું અગાઉનું તારણ છે અને આ વખતે પણ તે જ પ્રકારનો ટ્રેન્ડ જ અમેરિકા અને ભારતના બજારમાં જોવાયો. જે રીતે અમેરિકામાં ૧૦ વર્ષના ટ્રેઝરી બોન્ડ ઉપરનું યિલ્ડ ૪ વર્ષના ટોપ ૨.૮૩ ટકાના લેવલ ઉપર આવી ગયું છે તેવી જ રીતે ભારતમાં પણ સરકારી જામીનગીરીઓ ઉપર છૂટી રહેલું યિલ્ડ અતિશય ઉંચા લેવલ ઉપર ચાલી રહ્યું છે અને સ્વાભાવિક છે કે આ કારણસર પણ શેરબજારમાં વેચવાલીનો દોર જોવાય.

બજેટ અંકમાં વિવિધ સેક્ટરને અસર કરતી જાહેરાતોની ચર્ચા કરી હતી અને તેમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યું હતું કે જીએસટી આવ્યા પછી બજેટનું મહત્ત્વ ધીરે ધીરે ઘટતું જવાનું. અગાઉનાં વર્ષોમાં અમુક પ્રોડક્ટો ઉપરની એક્સાઈઝ ડ્યુટી વધારાતી હતી જ્યારે અમુક પ્રોડક્ટો ઉપરની એક્સાઈઝમાં ઘટાડો અથવા રાહત અપાતા હતા અને તેને કારણે તે પ્રોડક્ટને લગતાં શેરોમાં અણધાર્યો ઉછાળો અથવા ઘટાડો જોવાતો હતો. પરંતુ જીએસટી આવ્યા પછી નાણાંમંત્રી અલગ અલગ પ્રોડક્ટ ઉપરના જીએસટીના દરમાં વધારો નથી કરી શકતા અને હજી ૧ કે ૨ વર્ષ પછી જીએસટીના દર પણ ૩ કે ૪ જ થઈ જશે અને તેવા તબક્કે બજેટનું મહત્ત્વ કેવળ એલોકેશન કેવું આવે છે તેની ઉપર જ સીમિત થઈ જવાનું અને એલોકેશનનું મહત્ત્વ પણ ધીરે ધીરે ઓછું થતું જશે. આમ, આગામી સમયગાળામાં અમેરિકામાં જે રીતે બજેટનું ખાસ કોઈ મહત્ત્વ નથી તેવી જ પરિસ્થિતિ ભારતમાં પણ થવાની. (૨ વર્ષ પછી ચાણક્ય દ્વારા બજેટ અંક બહાર પાડવાની જરૂર ના રહે તે સંભાવના પણ મોટી છે.)

આમ, અત્યારે ભારતીય શેરબજારમાં એક નોર્મલ કરેક્શન ચાલ્યું છે. પરંતુ ઘણાં લાંબા સમય પછી અને બજાર ખૂબ વધી ગયા પછીનું આ કરેક્શન હોવાથી આ કરેક્શન થોડાં અઠવાડિયા ચાલે તે પાસું ધ્યાનમાં રાખવું રહ્યું અને તેથી ગુરૂવારે જે ઉછાળો જોવાયો તે ઉછાળો થોડાં અઠવાડિયાના કરેક્શનમાં એક બાઉન્સ બેક છે તેમ ગણીને ચાલવું વધારે સલામત રહેશે.

પરંતુ સાથે સાથે રોકાણકારોએ એક અન્ય પાસું પણ ધ્યાનમાં રાખવું પડે કે થોડાં દિવસો પહેલાં જ વડાપ્રધાન શ્રી મોદી લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એકસાથે લાવવાની વાત કરી રહ્યા હતા અને અત્યારે ભારતમાં વિરોધ પક્ષ વેરવિખેર થઈ રહેલો છે અને સામે પક્ષે સમાજના વિવિધ વર્ગમાં સત્તાધારી ભાજપ સામે વિરોધ વધતો જાય છે. એક તરફ ક્ષત્રિયોએ તાજેતરમાં એક મોરચો ખોલ્યો, તો બીજી તરફ બ્રાહ્મણો મોરચો ખોલી રહ્યા છે અને તેવી જ રીતે બજેટની જોગવાઈઓની દલીલ રજૂ કરીને કિસાન સંઘ પણ સરકાર સામે મોરચો ખોલે તે સંભાવના પણ ખૂબ મજબૂત છે. આમ, આગામી દિવસોમાં ક્રૂડ વધતું જાય અને સાથે સાથે મોંઘવારી ઝડપથી વધતી જાય અને વિવિધ વર્ગો દ્વારા વિરોધ પ્રદર્શન વધતાં જાય તો ભાજપની પોઝિશન ચૂંટણી સુધીમાં એકદમ નબળી પડી જવાની અને સ્વાભાવિક છે કે તેને કારણે વિરોધ પક્ષોને બળ મળે.

આવું ના થાય તે માટે અચાનક જ મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત આવી જાય તે સંભાવના ખૂબ મોટી છે અને કદાચ તે માટેની ચર્ચા થોડાં સમયમાં શરૂ થાય તે સંભાવના પણ મોટી છે અને જ્યારે ચૂંટણીની સંભાવનાઓ શરૂ થઈ જાય અથવા ચૂંટણીની જાહેરાત થઈ જાય તેવા સમયે બજાર અનિશ્ચિતતાને કારણે કરેક્શનમાં મોડમાં આવી જાય છે અને તેથી હવેના તબક્કે આ પાસું ધ્યાનમાં રાખીને જ તમારે લાર્જકેપ, મિડકેપ કે સ્મોલકેપ શેરોમાં રોકાણ કરવું અને શક્ય હોય તો ઝડપથી શેર કાપી નાંખવા પડશે તે તૈયારી પણ રાખવી રહી. (આવું ઊંડાણપૂર્વકનું એનાલિસિસ તમને કોઈ નહીં આપે.)

બજેટની જાહેરાતો સિમેન્ટ સેક્ટર માટે ખૂબ જ ફાયદાકારક છે અને તેથી બજેટની પોઝિટીવ જાહેરાતો પછી સિમેન્ટ શેરો વધે તે સંભાવના ખૂબ મોટી છે. પરંતુ સામે પક્ષે સિમેન્ટ ઉદ્યોગ માટે ક્રૂડની મૂવમેન્ટ પણ એટલી જ મહત્ત્વની હોય છે અને એમ પણ અત્યારે બ્રેન્ટ ક્રૂડ અને યુએસ ક્રૂડ ૬૫થી ૬૭ના લેવલ ઉપર ચાલી રહ્યા છે અને કદાચ આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ૭૦ ડોલરનું લેવલ કૂદાવી દે તો પણ નવાઈ નહીં લાગે. ક્રૂડ મોંઘુ થાય એટલે સ્વાભાવિક છે કે ભારતમાં પેટ્રોલ અને ડિઝલ અંકુશમુક્ત હોવાને કારણે ડિઝલ અને ફર્નેસ ઓઈલના ભાવ પણ વધતા જાય અને તેની સીધી અસર સિમેન્ટ ઉદ્યોગના ફ્યુઅલ ખર્ચ અને નૂરભાડાં ખર્ચ ઉપર પડે છે અને આ પાસાંને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ વધવા છતાં સિમેન્ટ ઉદ્યોગનો ઉત્પાદન ખર્ચ વધે અને તેના નફાના માર્જીન ઘટે તે સંભાવના ખૂબ મોટી છે અને તેથી આ ડેવલપમેન્ટ વચ્ચે વિવિધ સિમેન્ટ શેરોની ચાલ તમારે સમજવી રહી.

દક્ષિણ ભારતની ટોચની કંપની **ઈન્ડિયા સિમેન્ટ**નો શેર ઘટીને અત્યારે રૂ. ૧૬૧ ઉપર આવી ગયો છે અને આ પાસાંને ધ્યાનમાં રાખીને ઈન્ડિયા સિમેન્ટના શેરમાં રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં ફરી એક વખત આ શેરમાં અપટ્રેન્ડની સંભાવના છે.

તેવી જ રીતે **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર પણ અત્યારે ઘટીને રૂ. ૪૧૬૧ ઉપર આવી ગયો છે અને આ શેરમાં પણ થોડું રોકાણ જાળવી શકાય. સિમેન્ટની માંગ રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને કારણે વધે તો તેનો સૌથી મોટો ફાયદો અલ્ટ્રાટેક સિમેન્ટને અને તે પછી અંબુજા અને એસીસીને મળે તે સ્વાભાવિક છે અને તે જોતાં અત્યારના ભાવે **અંબુજા સિમેન્ટ**નો શેર પણ ઈન્વેસ્ટમેન્ટની રીતે કવર કરી શકાય. ઘટીને રૂ. ૨૪૮-૨૫૦ ઉપર મળી રહેલા અંબુજા સિમેન્ટના શેરમાં હવે કરેક્શનની સંભાવના ખૂબ મર્યાદિત છે.

**રામકો સિમેન્ટ**નો શેર પણ અત્યારના કરેક્શન પછી રૂ. ૭૨૬ ઉપર આવી ગયો છે. દક્ષિણ ભારતના સિમેન્ટ માર્કેટમાં રામકો સિમેન્ટ એક પ્રિમિયમ પોઝિશન ઉપર છે અને તેનો પ્લાન્ટ પણ ખૂબ જ કાર્યદક્ષ છે. ટૂંકા ગાળામાં આ શેરમાં હજી થોડી વધઘટ જોવાય. પરંતુ તે પછીના ઉછાળે આ શેરમાં ફરી એક વખત રૂ. ૮૦૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

રૂ. ૨૮ના ભાવે **શિવા સિમેન્ટ**નું એનાલિસિસ પણ આ વખતના ચાણક્યમાં આપ્યું છે અને આ સ્મોલકેપ શેરમાં અત્યારના નીચા ભાવે થોડું રોકાણ કરી દેવું ખોટું નહીં. તેવી જ રીતે રૂ. ૧૩૨૧ના ભાવે **ઓસીએલ**નો શેર પણ ઈન્વેસ્ટમેન્ટની રીતે સારો છે અને તે શેરમાં પણ રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં ઉછાળાની જગ્યા દેખાય છે. જ્યારે **પ્રિઝમ સિમેન્ટ** ટેકઓવરની અપેક્ષાએ રૂ. ૧૩૩ના ઉંચા વેલ્યુએશન ઉપર ચાલી રહ્યો છે અને આવા ઉંચા ભાવે પ્રિઝમ સિમેન્ટના શેરમાં અત્યારના માહોલમાં રોકાણ વધારવું સહેજે સલાહભરેલ નથી.

તેવી જ રીતે રૂ. ૧૬૯૯૬ ઉપર **શ્રી સિમેન્ટ** ઘણું ઊંચું વેલ્યુએશન દર્શાવે છે અને શ્રી સિમેન્ટના ડિસેમ્બર ક્વાર્ટરના આંકડા પણ સહેજે પ્રોત્સાહક નથી આવ્યા અને અગાઉ ફુલતેજીના તબક્કામાં શ્રી સિમેન્ટનું ઊંચું વેલ્યુએશન ચાલી શકે પરંતુ અત્યારના માહોલમાં શ્રી સિમેન્ટનું ઊંચું વેલ્યુએશન હોવાથી તેમાં રોકાણ વધારવાની ઉતાવળ ના કરાય.

**બિરલા કોર્પોરેશન** અત્યારે રૂ. ૧૦૧૪ ઉપર છે અને તેમાં પણ વેલ્યુએશન થોડું ઊંચુ છે. ફુલગુલાબી તેજી હતી ત્યારે અલગ વાત છે. પરંતુ અત્યારના તબક્કે બજાર જ્યાં સુધી સ્થિર ના થાય ત્યાં સુધી બિરલા કોર્પોરેશનમાં ઉતાવળ કરીને રોકાણ વધારવાની ભૂલ ના કરાય.

**હૈદરાબાદ ઈન્ડસ્ટ્રીઝ** કે જે સી.કે. બિરલા ગ્રૂપની કંપની છે અને સિમેન્ટ સીટનું ઉત્પાદન કરે છે તેનો શેર રૂ. ૬૨૩ના બોટમ ઉપરથી વધીને બજેટ અગાઉ રૂ. ૧૮૯૫ થયા પછી અત્યારે રૂ. ૧૭૧૫ ઉપર આવી ગયો છે અને ગુરૂવારના દિવસે આ શેરમાં રૂ. ૧૦૦નો ઉછાળો જોવાયો હતો. કંપનીના પરિણામો ખૂબ જ પ્રોત્સાહક આવે તે સંભાવના છે અને તેથી આ શેરમાં ઝડપી ઉછાળો જોવાયો. તેમ છતાં વાર્ષિક ધોરણે રૂ. ૮૦ની શેર દીઠ કમાણીની અપેક્ષા ધરાવતા આ શેરમાં હવે એકદમ નાના ઉછાળાની જગ્યા બાકી છે. રૂ. ૧૮૦૦-૧૮૫૦ આસપાસ તેમાં થોડું પ્રોફીટ બુકીંગ કરી શકાય.

જ્યારે રૂ. ૫૫૭ના ભાવના **એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ**ના શેરમાં પણ હાલના તબક્કે આકર્ષણ ઓછું છે અને તેથી આ તબક્કે એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝમાં પણ પરિણામોની સરખામણીમાં ભાવ થોડો ઉંચો ચાલી રહ્યો હોવાથી નવા રોકાણ અંગે બે વખત વિચારવું. ડિસેમ્બર ક્વાર્ટરમાં એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝે રૂ. ૬.૪૫ની શેર દીઠ કમાણી મેળવી છે અને વાર્ષિક ધોરણે રૂ. ૨૦ની શેર દીઠ કમાણી મળવાની ગણતરી છે અને તે રીતે જોઈએ તો શેરનો અત્યારનો બજારભાવ ૨૭થી પણ ઉંચા પીઈ રેશિયો ઉપર ચાલી રહ્યો છે અને રોકડાના શેરમાં આવું ઊંચું વેલ્યુએશન યોગ્ય ના કહેવાય.

રૂ. ૧૬૧ના ભાવે **હિડલબર્ગ સિમેન્ટ**ના શેરમાં પણ વેલ્યુએશન ઘણું ઊંચુ છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આ કંપનીએ રૂ. ૧.૪૭ની શેર દીઠ કમાણી દર્શાવી હતી અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો વાર્ષિક ધોરણે રૂ. ૩.૩૦ની શેર દીઠ કમાણીની સંભાવના છે અને તેની સામે રૂ. ૧૬૧નું વેલ્યુએશન ખૂબ જ ઊંચું કહી શકાય અને આ શેરમાં પણ હવેના તબક્કે સંભાળીને કામ કરવું સલાહભરેલ.

રૂ. ૧૦૩૦ ઉપરના **જેકે**










શાંસ ચિટં મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં, અકળંમણ, ગુસ્દેં તૂર કરે સે મંટે વૈઙંનિક ઢબે સૈયંર થંસુા ક્રેંદવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃટં લેંકેં, ગૃહિણીએં, બંળકેં, ચંલીદીમંા પ્રવેશી ચૂકેલંએં મંટે બેસ્ટ

તર બુધવંરે, કેંપી બુક કરવેં






## SHAH FOODS LIMITED

CIN : L15419 GJ 1982 PLC 005071
Regd. Office : Kalol Mehsana Highway, PO.-Chhatral, Tal.-Kalol, Dist.-Gandhinagar-382729
Telephone 079 26448371 , 02764233931 email : shahfoods.ahmedabad@gmail.com

EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 30TH JUNE, 2017

(Rs. in lacs)

| SR No. | PARTICULARS | Quarter ended 31/12/2017 Unaudited | Nine Months ended 31/12/2017 Unaudited | Quarter ended 31/12/2016 Unaudited |
|---|---|---|---|---|
| 1 | Total Income From Operations (net) | 136.11 | 389.96 | 118.67 |
| 2 | Net Profit / (Loss) for the period (before tax, activities before tax Extraordinary items) | 1.84 | 10.77 | (1.28) |
| 3 | Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | 1.84 | 7.77 | (1.28) |
| 4 | Total Comprehensive Income for the Period | 1.84 | 7.77 | (1.28) |
| 5 | [Comprising profit/loss for the period (after tax) and other comprehensive income (after tax)] | | | |
| 6 | Equity Share Capital.(face value of Rs.10 each) | 59.75 | 59.75 | 59.75 |
| 7 | Earnings Per Share (for continuing and discontinued opertaions) (of ' /- each) | | | |
| | Basic | 0.31 | 1.30 | (0.21) |
| | Diluted | 0.31 | 1.30 | (0.21) |

Notes :
1. The above is an extract of the detailed format of Standalone Unaudited Financial Results for the Quarter and Nine months ended on 31st December, 2017 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/ Nine months Financial Results are available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.shahfoods.com
2. The above Standalone Unaudited Finanacial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at the Respective meetings held on 09/02/2018. UFR have been subjected to Limited review by the Statutory Auditors of the Company.
3. Previous Period/Year figures have been rearranged/regrouped, reclassified and re-stated wherever considered necessary.

For, Shah Foods Limited
Sd /-
Janak Shah
Vice Chairman
DIN : 01880079

Place : Ahmedabad
Date : 09-02-2018



## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Nine Months ended on 31st December, 2017 (Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended on 31.12.2017 | Nine Months Ended on 31.12.2017 | Corresponding quarter ended in the previous year 31.12.2016 |
|---|---|---|---|
| Total Income from the operations | 1387.21 | 4140.51 | 1082.34 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 118.73 | 288.78 | 52.19 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/ or Extraordinary items) | 118.73 | 288.78 | 52.19 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 83.93 | 201.00 | 35.20 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | 84.85 | 202.55 | 35.20 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Earning per share (of '10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | 2.77 | 6.64 | 1.16 |
| Diluted: | 2.77 | 6.64 | 1.16 |

*Notes:*
*1. The above is an extract of the detailed format of Quarter and Nine Months ended Financial Results as per IND AS filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 31st December, 2017 are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://www.dynaind.com/investors_zone.html).*
*2. Transition to Ind AS*
*From 1st April, 2017, the Company has adopted accounting standards notified under Companies (Indian Accounting Standards) Rules, 2015 ("Ind AS"). Accordingly the relevant quarterly and annual financial results for the previous periods are restated as per Ind AS. The reconciliation of net profit and reserves as per Ind AS and previous GAAP ("Accounting Standard") for the relevant periods of the previous year is as follows:*

| PARTICULARS | Profit Reconciliation Quarter Ended on 31.12.2016 | Year to date 31.12.2016 |
|---|---|---|
| **Net profit/ (loss) after tax/Reserve as per previous Indian GAAP** | 35.22 | 128.81 |
| Net gain/(loss) arsing on financial assets measured at fair value | - | - |
| Net gain/(loss) arsing on financial liabilities measured at fair value | - | - |
| Amortisiation of borrowing cost | (0.03) | (0.05) |
| Acturial (gain)/loss on employee defined benefit funds recognised in other comprehensive income | - | - |
| Deferred tax impact on Ind AS adjustments | 0.01 | 0.02 |
| **Net profit after tax as per Ind AS/Reserve as per Ind AS** | **35.20** | **128.78** |
| Add: Other comprehensive income (after tax) | - | - |
| **Total comprehensive income / (loss) as per Ind AS** | **35.20** | **128.78** |

*The Ind AS compliant financial results pertaining to the quarter ended 31.12.2016 and period ended 31.12.2016 have not been subjected to limitied review or audit and have been presented based on the information complied by the management. However , the management has exercised necessary due diligence to ensure that such financial results provide a true and fair view of its affair in accordance with the Indian Accounting Standards (IND AS).*
*3.The above financial results of the Company were reviewed by the Audit Committee in its meeting held on February 9, 2018. The Board of Directors in its meeting held on February 9, 2018 approved the same and also Limited Review were carried out by the Statutory Auditors.*
*4.As the company is having only one segment, there are no reportable segment in accordance with the requirement of Ind AS 108 " Operating Segment" specified under Section 133 of the Companies Act, 2013.*
*5.Figures of the previous quarter/period have been regrouped, wherever necessary*

Date : 9th February, 2018
Place : Ahmedabad

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Chairman & Whole Time Director
DIN : 00536345